પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭ | ૧૮ માર્ચ, ૨૦૨૧, ગુરૂવાર; ફાગણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગામડામાં કોરોના ફેલાયો તો રોકવો મુશ્કેલ : મોદી

**વડાપ્રધાનની રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના સંદર્ભે બેઠક : કોરોના પર કાબૂ મેળવવા રાજ્યોને પગલાં ભરવા અપીલ, શાસન-પ્રશાસનના સ્તર પર સજાગતા, સખતાઈ સાથે-સાથે ટેસ્ટની સંખ્યામાં વધારો કરવા સુચન : કોવિડની 'સેકન્ડ પીક'ને તરત જ રોકવી પડશે, નાના શહેરોમાં ટેસ્ટિંગ વધારવા હાકલ, વેક્સિન વેસ્ટ મામલે ચિંતા વ્યક્ત કરી**

નવી દિલ્હી, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કરેલી બેઠકમાં જણાવ્યું છે કે, જો કોરોનાની બીજી લહેર પર ઝડપથી કાબૂ મેળવવામાં નહીં આવે તો કોરોનાની મહામારી ઝડપથી દેશના બાકી ભાગોમાં ફેલાઈ જશે. તેમણે સલાહ આપી છે જેનાથી સામાન્ય લોકો વચ્ચે ભયનો માહોલ ના બને. તેમણે કહ્યું કે શાસન-પ્રશાસનના સ્તર પર સજાગતા અને સખતાઈ સાથે-સાથે ટેસ્ટની સંખ્યામાં પણ વધારો કરે. વડાપ્રધાને એ વાત પણ કરી કે થોડા દિવસમાં કોરોના પર વધતા કેસ પર રાજ્યોના મુખ્યમંત્રી ગયો તો તેને સંભાળવો મુશ્કેલ થઈ જશે, માટે રાજ્યોએ કોરોનાને ફેલાતો અટકાવવા માટે જરુરી પગલા ભરવા જોઈએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, કોરોના સામેની લડાઈમાં આપણે આજે જ્યાં પહોંચ્યા છીએ, તેના કારણે આવેલો આત્મવિશ્વાસ ભયનો માહોલ ઉભો ના થાય અને કોરોના પર કાબૂ મેળવાય એ પણ જરુરી છે. તેમણે કહ્યું કે, આપણે કોરોનાની આ બીજી આગળ વધી રહેલી વેવ પર તાત્કાલિક કાબૂ મેળવવો પડશે. જેના માટે આપણે જરુરી પગલા ભરવા પડશે.

વડાપ્રધાન મોદીએ



રાજ્યોને આ દિશામાં સખત પગલા ભરવા માટે અપીલ કરી છે. તેમણે રાજ્યોને આ દિશામાં ઝડપથી સખત પગલા ભરવા માટેની સાથે બેઠક પછી પોતાના સંબોધનમાં જણાવી હતી. તેમણે એવી પણ સલાહ આપી કે જો કોરોના ગામડાઓ સુધી પહોંચી બેદરકારીમાં પરિવર્તિત ના થવા દેવો જોઈએ. આપણે જનતાને ડરાવવાની પણ નથી અને તકલીફથી મુક્તિ મેળવવાની છે. દર્દીઓને શોધીને તેમને કેટલો ચેપ લાગ્યો છે તેની તપાસ કરીને પછી સારવારની પ્રક્રિયા પર ધ્યાન આપવાની જરુર છે.

## કોરોનાએ ૩ મહિનાનો રેકોર્ડ તોડ્યો, ૨૪ કલાકમાં ૨૮ હજારથી વધુ કેસ

**દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૮ના મોત**



ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૨૮,૯૦૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૧૮૮ લોકોએ એક જ દિવસમાં કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. જે રીતે કોરોના વાયરસના કેસ ડબલ થઈ રહ્યા છે તેની સામે રોજ નોંધાતા મૃત્યુની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. પાછલા મહિને એક સમય એવો આવ્યો હતો કે મૃત્યુઆંક ૧૦૦ની અંદર પહોંચી ગયા હતા. જ્યારે હવે આ આંકડો ૨૦૦ની નજીક પહોંચી રહ્યો છે.

ભારતમાં કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા ૧,૧૪,૩૮,૭૩૪ થઈ ગઈ છે. જ્યારે ૧,૫૯,૦૪૪ લોકોના કોરોના વાયરસના કારણે દેશમાં મોત થઈ ગયા છે.

પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા ૨૯,૦૦૦ જેટલા નવા નોંધાયેલા કેસની સામે ૧૭,૭૪૧ દર્દીઓ સાજા થયા છે. આમ સાજા થનારા દર્દીઓની સંખ્યા કરતા નવા પોઝિટિવ કેસની સંખ્યા વધવાથી એક્ટિવ કેસનો આંકડો પણ મોટો થઈ રહ્યો છે.

## નાગપુરમાં લોકડાઉન છતાં એક જ દિવસમાં સૌથી વધુ કેસ

**નાગપુર જિલ્લામાં એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૧૮,૯૮૦ પર પહોંચી ગઈ છે, જે પુણે પછી સૌથી વધુ છે**



મુંબઈ, તા. ૧૭

મહારાષ્ટ્રમાં કોરોનાનો સેકન્ડ વેવ શરુ થયો હોય તેમ રાજ્યમાં ગઈકાલે એક જ દિવસમાં ૧૭,૮૬૪ નવા કેસ નોંધાયા છે. સપ્ટેમ્બર ૨૦૨૦ પછી એક જ દિવસમાં નોંધાયેલા આ સૌથી વધુ કેસ છે. મુંબઈ અને પુણે જિલ્લામાં પણ ગઈકાલે અનુક્રમે ૩૬૭૧ અને ૩૯૯૪ કેસ નોંધાયા હતા, ત્યારે નાગપુરમાં તો નવા કેસોએ રેકોર્ડ બનાવ્યો છે.

નાગપુરમાં મહારાષ્ટ્ર સરકારે તાજેતરમાં એક સપ્તાહનું લોકડાઉન પણ જાહેર કર્યું હતું. છતાંય ત્યાં કોરોનાના કેસ વધી રહ્યા છે. મંગળવારે નાગપુરમાં ૨૫૮૭ નવા કેસ નોંધાયા હતા. માર્ચ ૨૦૨૦માં કોરોનાએ મહારાષ્ટ્રમાં પગપેસારો કર્યો ત્યારથી લઈને નાગપુરમાં એક જ દિવસમાં નોંધાયેલા નવા કેસોનો આ સૌથી ઉંચો આંકડો છે. નાગપુર જિલ્લામાં એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૧૮,૯૮૦ પર પહોંચી ગઈ છે, જે પુણે પછી સૌથી વધુ છે. નાગપુર મ્યુ. કમિશનર રાધાક્રિશ્નન બી.ના જણાવ્યા અનુસાર, મંગળવારથી જિલ્લામાં ટેસ્ટિંગ ઓ સઘન બનાવાયું છે.

## સમાચાર રફ્તાર

- ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી ૫૦.૯ બીલીયન ડોલરની સંપત્તિ સાથે ચીનના જેકમાની સાને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા.
- ગોધરા નગરપાલિકામાં ઓવૈસીના પક્ષ અને અપક્ષોના જોડાણથી સત્તા ગ્રહણ. ભાજપ સત્તાથી બહાર.
- ગુજરાત સરકારે ૧૧૪ કરોડ માસ્કના દંડ પેટે વસુલ્યા.
- અમદાવાદમાં જાહેર બગીચાઓ બીજો આદેશ ન થાય ત્યાં સુધી બંધ રહેશે.
- પૂર્વ કેન્દ્રિય મંત્રી અને ભાજપના નેતા દિલીપ ગાંધીનું કોરોનાના કારણે મૃત્યુ.
- પંજાબના પૂર્વ મંત્રી નવજ્યોતસિંહ સિંધુ અને મુખ્યમંત્રી વચ્ચે બેઠક યોજાઈ.
- સુરતમાં બહારગામથી આવતા દરેક મુલાકાતીને સાત દિવસ ફરજિયાત ક્વોરન્ટીન રહેવુ પડશે.
- તૃણમુલ કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો જાહેર થયો.
- દેશના ૭૦ જિલ્લામાં છેલ્લા પંદર દિવસમાં કોરોનાના કેસમાં દોઢસો ટકાનો વધારો.
- અન્ના ડીએમકેએ ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો.
- પ્રધાનમંત્રી મોદી ૨૬-૨૭ માર્ચે બાંગ્લાદેશના પ્રવાસે જશે.
- તામિલનાડુમાં ફિલ્મસ્ટારથી રાજકારણી બનેલા કમલ હસનના નિવાસસ્થાને મોટાપાયે આવકવેરાના દરોડા.

## વાયુસેનાનું મિગ-૨૧ વિમાન દુર્ઘટનાગ્રસ્ત, પાયલોટ શહીદ

**કોમ્બેટ ટ્રેનિંગ મિશન માટે ઉડાન ભરી હતી : વાયુસેનાએ દુર્ઘટનાની તપાસ માટે આદેશ આપ્યો, જુના મિગ તૂટવાની ઘટનાઓનો સિલસિલો યથાવતરીતે જારી**

નવી દિલ્હી, તા. ૧૭

ભારતીય વાયુસેનાનુ વધુ એક મિગ-૨૧ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયુ છે અને વધુ એક જાંબાઝ પાયલોટે પોતાનો જીવ ગુમાવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મધ્ય ભારતના એક એરબેઝ પરથી કોમ્બેટ ટ્રેનિંગ મિશન માટે ઉડાન ભર્યા બાદ મિગ-૨૧ વિમાન ક્રેશ થયુ હતુ અને તેમાં ગ્રૂપ કેપ્ટન એ ગુપ્તા શહીદ થયા છે.વાયુસેનાએ દુર્ઘટનાની તપાસ માટે આદેશ આપી દીધો છે.

ભારતીય વાયુસેના માટે મિગ-૨૧ ક્રેશ થવાની ઘટના નવી નથી.આ પહેલા પણ ડઝનબંધ મિગ વિમાનો ક્રેશ થઈ ચુક્યા છે.વાયુસેના આ દુર્ઘટના બાદ કહ્યુ હતુ કે, ભારતીય વાયુસેના ગ્રૂપ કેપ્ટન એ ગુપ્તાના પરિવાર સાથે મજબૂતીથી ઉભી છે અને તેમના શહીદ થવા પર વાયુસેના સંવેદના વ્યક્ત કરે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય વાયુસેનામાં મિગ -૨૧ વિમાનો ૧૯૬૧માં સામેલ કરાયા હતા.લાંબો સમય સુધી વાયુસેના માટે કરોડરજ્જુ બની રહેલા આ વિમાનો જેમ જેમ જુના થઈ રહ્યા છે તેમ તેમ તેના તુટી પડવાની ઘટનાઓ વધી રહી છે પણ વિમાનોની ખોટ અનુભવી રહેલી વાયુસેના માટે આ મિગ-૨૧ વિમાનોને એક સાથે રિટાયર કરવુ શક્ય નથી.

## ભાજપના સાંસદ રામસ્વરૂપ શર્માનું દિલ્હીમાં શંકાસ્પદ મોત

**હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠકના સાંસદ : આરએમએલ હોસ્પિટલની પાસેના ફ્લેટમાં સાંસદના નિવાસસ્થાને તેઓ ફંદો ખાધેલી હાલતમાં મળી આવ્યા**

નવી દિલ્હી, તા. ૧૭

હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી ભાજપના સાંસદ રામસ્વરૂપ શર્માનું શંકાસ્પદ મોત થયું છે. દિલ્હી ખાતે આવેલી આરએમએલ હોસ્પિટલ પાસેના ફ્લેટમાં સાંસદનું નિવાસસ્થાન આવેલું છે. આ ફ્લેટમાં ૬૨ વર્ષીય સાંસદ રામસ્વરૂપનું શબ ફંદા સાથે લટકતી હાલતમાં મળી આવ્યું હતું અને હજુ સુધી આત્મહત્યાનું કારણ સામે નથી આવ્યું.



દિલ્હી પોલીસને સવારે ગોમતી એપાર્ટમેન્ટમાં ભાજપના સાંસદ રામસ્વરૂપ શર્માએ આત્મહત્યા કરી લીધી હોવાના સમાચાર મળ્યા હતા. ઘટના સ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓને તેમનો મૃતદેહ ફંદા સાથે લટકતી સ્થિતિમાં જોવા મળ્યો હતો. હાલ કયા કારણસર આત્મહત્યા કરી તે કારણ અસ્પષ્ટ છે અને પોલીસે તપાસ શરૂ કરી દીધી છે.

રામસ્વરૂપ શર્માના સ્ટાફે જણાવ્યું કે, સવારે તેઓ જ્યારે રૂમનું બારણુ ખોલવા ગયા ત્યારે તે અંદરથી લોક હતું અને અનેક વખત બૂમો પાડવા છતાં તે નહોતું ખોલવામાં આવ્યું. બાદમાં પોલીસને ફોન કરવામાં આવ્યો હતો અને પોલીસે દરવાજો તોડ્યો તે સમયે સાંસદનો મૃતદેહ ગાળિયા સાથે લટકી રહ્યો હતો.

સાંસદ રામસ્વરૂપ શર્માના અવસાનના કારણે ભાજપે આજે યોજાનારી સંસદીય દળની બેઠક રદ કરી દીધી છે. હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના જોગિંદરનગરના રહેવાસી રામસ્વરૂપ શર્મા સતત બીજી વખત સાંસદ બન્યા હતા. તેઓ લાંબા સમય સુધી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા રહ્યા હતા. સાંસદ બન્યા તે પહેલા તેઓ મંડી જિલ્લાના ભાજપના સચિવ અને બાદમાં હિમાચલ પ્રદેશના ભાજપના સચિવ બન્યા હતા. તેમણે હિમાચલના ફુડ એન્ડ સિવિલ સપ્લાય કોર્પોરેશનના અધ્યક્ષની જવાબદારી પણ સંભાળેલી છે.

## એન્ટિલિયા કેસ મામલે મુંબઈ પોલીસ કમિશ્નર પરમબીર સિંહની બદલી

**હેમંત નાગરાલે મુંબઇ કમિશ્નરનું પદ સંભાળશે**

મુંબઈ,તા.૧૭

એન્ટીલિયા કેસમાં વધી રહેલી તપાસ વચ્ચે ઉદ્ધવ સરકારે મોટો નિર્ણય લીધો છે. મુંબઈના પોલીસ કમિશનર પરમબીર સિંહની બદલી કરી દેવામાં આવી છે. તેમના સ્થાને હેમંત નાગરાલે મુંબઈ કમિશનરનું પદ સંભાળશે. પરમબીર સિંહની બદલી હોમગાર્ડ વિભાગમાં કરવામાં આવી છે.

મહત્વનું છે કે સચિન વઝેની ધરપકડ બાદ પરમવીર સિંહ પર ઘણા પ્રકારના આરોપ લાગી રહ્યાં હતા. આ પહેલા મંગળવારે પરમબીર સિંહે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી હતી. સિંહે જે સમયે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી, તે સમયે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘરની પાસે વિસ્ફોટકો ભરેલી કાર જપ્ત થવાના મામલામાં મુંબઈ પોલીસના અધિકારી સચિન વઝેની ધરપકડ થવાનો મામલો ચર્ચામાં હતો.

તો આ પહેલા સ્કોર્પિયોમાં વિસ્ફોટક રાખનાર વ્યક્તિ બાદમાં જે ઈનોવા કારમાં સવાર થયો હતો, તે પરમબીર સિંહની ઓફિસની સામેથી મળી હતી. તપાસ એજન્સી મામલામાં પોલીસ અધિકારીઓના કનેક્શનની તપાસમાં લાગી છે.

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી સ્કોર્પિયો મળ્યા બાદ સનસની ફેલાઈ હતી. બાદમાં રહસ્યમયી પરિસ્થિતિઓમાં સ્કોર્પિયોના માલિક મનસુખ હિરેનનો મૃતદેહ મળ્યો હતો. આ મામલામાં હિરેનની પત્નીએ પૂર્વ પોલીસ અધિકારી સચિન વઝે પર ગંભીર આરોપ લગાવ્યા હતા.

## કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલ લંડનથી ઝડપાઈ ગયો

**જયેશ વિરુદ્ધ ૪૦થી વધારે ગુના નોંધાયેલા છે : વિદેશમાં ધરપકડ કરવામાં આવી હોવાથી જયેશ પટેલને ભારત લાવવા માટે કાયદાકીય પ્રક્રિયા શરૂ કરવામાં આવશે**

જામનગર,તા.૧૭

કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલની આખરે ધરપકડ કરી લેવામાં આવી છે. લંડન ખાતેથી જયેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે. જયેશ પટેલની ધરપકડ કરવા માટે અમદાવાદથી ખાસ પોલીસ અધિકારી દીપેન ભદ્રેનને જામનગર મોકલવામાં આવ્યા હતા. વિદેશમાં ધરપકડ કરવામાં આવી હોવાથી હવે જયેશ પટેલના ભારત લાવવા માટે કાયદાકીય પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જયેશ પટેલ વિરુદ્ધ જામનગરમાં ૪૦થી વધારે ગુના નોંધાયેલા છે. જયેશ પટેલ લોકોને ધાક-ધમકી આપીને જમીન પડાવી લેતો હતા. આ ઉપરાંત લૂંટ, હત્યા, હત્યાના પ્રયાસ અને ગુજસીટોક હેઠળ પણ જયેશ સામે ગુનો નોંધાયેલો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ભારત પોલીસ અને લંડન પોલીસે સંયુક્ત રીતે આ ઑપરેશન પાર પાડ્યું છે. જોકે, જયેશની ધરપકડ અંગે ગુજરાત પોલીસ તરફથી કોઈ અધિકારિક જાણકારી આપવામાં આવી નથી. ગુજરાત સરકારે ગુનાખોરીને કાબૂમાં લેવા માટે ગુજસીટોક કાયદો અમલી બનાવ્યો છે. આ કાયદા હેઠળ જામનગર જિલ્લામાં પ્રથમ કેસ નોંધાયો છે. જામનગરના કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલ અને તેના૧૪ સાગરીતો સામે જામનગર પોલીસે પ્રથમ વખત ગુજસીટોક કાયદા હેઠળ ગુનો નોંધ્યો હતો. ઉલ્લેખનીય છે કે જયેશ પટેલ સિન્ડિકેટ બનાવી લોકોને હેરાન કરતો હતો. જયેશ વેપારી અને બિલ્ડરને ધમકાવતો હતો અને લોકો પાસેથી ખંડણી ઉઘરાવતો હતો. આ મામલે જયેશના આઠ સાગરીતોની ધરપકડ કરી લેવામાં આવી છે. જામનગરના કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલના પાપનો ઘડો ભરાયા બાદ જામનગરના નવા જિલ્લા પોલીસ વડા તરીકે દીપેન ભદ્રનની નિમણૂક કરાઈ હતી. જે બાદમાં તેના સાગરીતોની ધરપકડની સીલસીલો શરૂ થયો હતો.



## સાવધાની રાખવાની જરૂર છેઃ ડો. ગુલેરીયા

ન્યુ દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોનાએ ફરી એક વખત ઉથલો માર્યો છે. કોરોનાની આફત કેમ ફરી દેશ પર ઉભી થઈ છે તેના સવાલના જવાબમાં એમ્સના ડિરેક્ટર ડોકટર રણદીપ ગુલેરિયાએ કહ્યુ હતુ કે, હાલમાં વેક્સીન મુકાઈ રહી છે તેવા લોકોની સંખ્યા ઓછી છે અને એટલે જ સાવધાની વરતવાની જરુર છે.




